# મોડાસાના વોલ્વા ગામે વિજતંત્રની બેદરકારીને લીધે લટકતા તાર ભેગા થઈ જતા શોર્ટ સર્કીટથી ખેતરમાં ઉભેલા પાક બળીને ખાખ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં ચાલુ સાલે વારંવાર શિયાળામાં થયેલા પાકને ખેડૂતોને નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં વિજતંત્રની ગંભીર બેદરકારીના કારણે ભૂમીપુત્રોના ખેતરમાં ઉભા ઘઉં બળી ખાખ થઈ જવાથી માનવસર્જીત મુશ્કેલીનો સામનો કરવાનો થતાં અરવલ્લી જિલ્લાના ભૂમીપુત્રોની હાલત પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે.

મોડાસા તાલુકાના વોલ્વા ગામે પટેલ હરેશભાઈના પોતાના ખેતરમાં ઘઉંનું વાવેતર કર્યું હતું. ત્યારે સોમવારે બપોરે પોતાના ખેતરમાંથી પસાર થતા વિજળીના તાર ઢીલા અને લચકતા હોવાથી આજે ભારે પવનના લીધે તાર ભેગા થઈ જતાં તણખલા જરતા ખેતરમાં ઉભા પાકમાં પડતાં ઘઉં સળગી ઉઠ્યા હતા. ખેતરમાં ઉભેલા ઘઉં બળીને ખાખ થઈ જતાં ખેડૂતને અંદાજે ૩૫૦૦૦ રૂ.થી વધારેનું નુકશાન થતાં ભોગ બનેલા ખેડૂતના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. અને ખેડૂતની હાલત દયનીય બની ગઈ હતી.





(તસવીર : જય અમીન, મોડાસા)

ખેતરમાં વિજતંત્રના તારથી થયેલા શોર્ટ શર્કીટથી આગ લાગતા આ ઘટનાની જાણ ગામલોકો થતા આજુબાજુના ખેડૂત પુત્રોને થતાં ઘટનાસ્થળે દોડી આવી પાણીનો મારો અને રેતીનો ઉપયોગ કરી આગને કાબુમાં લેવાઈ હતી. વોલ્વા ગામના ભુમીપુત્રોના જણાવ્યાનુસાર કુદરતના કહેરથી તો હજુ બિચારા ખેડૂતો માંડ માંડ બહાર આવી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લામાં વિજતંત્રની ઢીલી નીતિ અને બેદરકારીના લીધે ખેડૂતનો ઉભેલો પાક બળીને ખાખ થઈ જતા ખેડૂતો લાચાર બની ગયા છે.

## ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની કોઈમ્બતૂર ખાતે સફળ શસ્ત્રક્રિયા

ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના ૮૦ વર્ષીય અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ પર સોમવાર, ૩૦ માર્ચે સવારે કોઈમ્બતૂર સ્થિત હોસ્પિટલના નિષ્ણાત સર્જને શસ્ત્રક્રિયા કરી હતી અને આ સફળ શસ્ત્રક્રિયાને અંતે સીવીએમના અધ્યક્ષને આઈસીયુમાં રાખવામાં આવ્યા હોવાનું સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલે જણાવ્યું હતું.

છેલ્લા બે-ત્રણ મહિનાથી સીવીએમના અધ્યક્ષ ડૉ. પટેલને પાચનક્રિયા અને મળઉત્સર્ગની તકલીફ જણાતાં કરમસદ અને આણંદમાં તેમની તબીબી તપાસને અંતે શસ્ત્રક્રિયાની જરૂર જણાતાં કોઈમ્બતૂર ખાતેની દેશની સારી હોસ્પિટલના વિશ્વવિખ્યાત સર્જન દ્વારા આ ઓપરેશન કરાવવાનું નક્કી થયું હતું. સોમવારે ડૉ. પટેલ પર શસ્ત્રક્રિયા કરાઈ ત્યારે તેમના અમેરિકાનિવાસી બન્ને પુત્રો શ્રી શૈલેષ પટેલ અને શ્રી વ્રજેશ પટેલ હોસ્પિટલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. પરમકૃપાળુ પરમાત્મા અને પ્રગટબ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને શુભેચ્છકોએ કરેલી પ્રાર્થનાથી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. પટેલ પરની શસ્ત્રક્રિયા સફળ રહી અને રિકવરી થતાં તેઓશ્રી વલ્લભ વિદ્યાનગર પાછા ફરશે. એવું પણ સીવીએમના મંત્રી પ્રિ. શનુભાઈ પટેલે ઉમેર્યું હતું.

### મોડાસાની ઋષિકેશ સોસાયટીના રહિશો દ્વારા

# સમયસર પુરતુ પાણી ન મળતા નગરપાલીકામાં માટલા ફોડી હોબાળો

## ઉનાળો શરૂ થતાની સાથે મોડાસામાં પાણીના પોકાર

મોડાસા, તા. ૩૦

ઉનાળા ની શરૂઆત થતાં ની સાથે જ અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેરે મા પાણી...પાણી.. ના પોકારો પડવાના ચાલુ થઈ ગયા છે જમાં મોડાસા ની ઋષિકેશ સોસાયટી ના લોકો છેલ્લા બે વર્ષ થછી અપુરતુ પી મળતા નગરપાલિકા ને અત્યારસુધી રજુઆતો કરી કરી ને થગાકી ગયા પરંતુ નઘરોળ તંત્ર ના કાને આ વાત ના અથડાતા આજરોજ સોસાયટી ના રહીશો ધ્વારા નગરપાલિકા ને માથે લીધી હતી.

જળ એ જ જીવન પાણી ની દરેક માણસ ને જરૂરીયાત હોય છે ત્યારે ઉનાળા ની ઋતુ શરૂ થતાં જ પાણી માટે અબોલ જીવ થી લઈ ને દરેક ને પાણી ની જરૂરીયાત પડવા મડે છે ત્યારે આજરોજ મોડાસા નગરપાલિકા વીસ્તાર માં આવેલી ઋષિકેશ સોસાયટી ના રહીશો ધ્વારા સમયસર પાણીવેરો ભરતાં હોવા છતાં છેલ્લા બે વર્ષ થી અપુરતુ પાણી મળતુ હોવાને લઈ ને નગરપાલિકા માં વારંવાર સમગ્ર સોસાટી ના રહીશો ધ્વારા લેખીત અને મૌખીક રીતે વારંવાર રજુઆત કરવા છતાં પણ ઘોર નીદ્રા માં પોઢેલા સત્તાધિશો ના કાને આ વાત ન અથડાતા આજરોજ સોસયટી ની મહીલાઓ પુરૂષો સાથે માટલા લઈ ને નગથરપાલિકા માં પહોચી ને રજુઆત કરી હતી અને નગરપાલિકા ની અંદર જ રોષે ભરાયેલા લોકો એ માટલા ફોડી ને નગરોડ તંત્ર ના કાને વાત પહોચાડવાનો રસ્તો અપરનાવ્યો હતો આ અંગે ઋષિકેશ સોસાયટી ના રહીશ કનુભાઈ પ્રજાપતિ ન્એ જણાવ્યુ હતુ કે મોડાસા કેટલાક લોકો ધ્વારા ૪-૪ વર્ષ થી વેરો નથી ભરવામાં આવ્યો છતાં પણ નગરપાલીકા ધ્વારા સમયસર અને પુરતુ પાણી છેક ત્રીજા માળ સુધી પુરતા પ્સર માં પહોચાડવામાં આવે છે પરંતુ અમારી સોસાયટી પ્રત્યે નગરપાલીકા ધ્વારા છેલ્લા બે વર્ષ થી રજુઆત કરવા છતાં પણ પાણી સમયસર અને પુરતા પ્રમાણ માં મળતુ નથી તથે અમે આજે માટલા ફોડી ને રજુઆત કરી છે અને જો જલ્દી થી અમને આ બાબતે ન્યાય નહી મળે તો આગમી સમયમાં આનાથી પણ વધુ લોકો ધ્વારા ગાધી ચીધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને આવનાર સમયમાં જયારે નગરપણાલિકાની ચુટણીઓ આવી રહી છે ત્યારે વોટ ચુંટણી જીત્યા પછી પોતાના વોર્ડ સામે નજર ન નાંખતા લોકો ને આ વખતની ચુંટણીમાં સબક શીખવાડવાનુ નકકી કરેલ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# ડીસા પાલિકાના વોર્ડ નં. ૩ ની પેટા ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ

ડીસા નગરપાલિકાના વોર્ડ નં. ૩ ની પેટા ચૂંટણી માટેનું જાહેરનામુ બહાર પડેલ છે. આજે સોમવારે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં ડીસામાં રાજકીય ગરમાવો તેજ બની શકે છે. જો કે પ્રથમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી. ત્યારે માત્ર સાતેક માસની બાકી રહેલી મુદત માટે યોજાઈ રહેલી આ પેટા ચૂંટણી મતદારો માટે નિરસ બની રહેશે તેવું નિરિક્ષકો માની રહ્યા છે.

ડીસા નગરપાલિકામાં તાજેતરમાં બનેલી રાજકીય ઘટનામાં ડીસા નગરપાલિકાના ભાજપના ચૂંટાયેલા સદસ્યો પૈકીના સાત સદસ્યો વિરૂદ્ધ પક્ષાંતર ધારા અન્વયે થયેલ કાર્યવાહીમાં સચિવ કક્ષાએ અપાયેલા ચુકાદામાં આ સાતેય સભ્યો સામે કાર્યવાહી પૂર્ણ કરી ગેરલાયક ઠેરવાયા હતા. જે સામે સાત સભ્યો પૈકીના છ સભ્યોએ સચિવના ચુકાદાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારી તેની અમલ બજવણી સામે મનાઈ હુકમ બજાવ્યો હતો. જો કે વોર્ડ નં. ૩ના મહિલા ભાજપી સભ્ય સચિવના હૂકમ સામે મનાઈ હુકમ કે અન્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળ નિવડતાં આ હુકમની અમલ બજવણી માત્ર ૧ સભ્ય પુરતી થઈ હતી. જેના ફળ સ્વરૂપ ડીસા નગરપાલિકા વોર્ડ નં. ૩ માટે ડીસાના ચૂંટણી અધિકારી ડૉ. દિગંત બ્રહ્મભટ્ટ અને મદદનીશ ચૂંટણી અધિકારી એસ.ડી. ગીલ્વા દ્વારા સોમવારે વોર્ડ નં. ૩ ની પેટા ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું છે. જેમાં આજે પ્રથમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી.

નકલ પાલનપુર કલેક્ટર કચેરી, ડીસાના નાયબ કલેક્ટરની કચેરી, મામલતદાર કચેરી ડીસા અને ડીસા નગરપાલિકાના નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરાયેલ છે. આ જાહેરનામા મુજબ ડીસા નગરપાલિકા વોર્ડ નં. ૩ ની એક સીટ માટે ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તા. ૪ એપ્રિલ, જ્યારે ભરેલી ઉમેદવારી પત્રોની ચકાસણી ૬ એપ્રિલ અને ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ ૭ એપ્રિલ નિયત કરાયેલ છે. ૧૯ એપ્રિલે આ માટે મતદાન યોજાશે.

## બનાસ ડેરીની આંતરરાષ્ટ્રીય ડેલિગેશને મુલાકાત લીધી

રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ, આણંદ અને ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન, યુનાઈટેડ નેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ડેરી એશિયા મલ્ટી-સ્ટેકહોલ્ડર મીટીંગ અંતર્ગત ૧૨ સભ્યોના આંતરરાષ્ટ્રીય ડેલિગેશને તા. ૨૮-૩-૨૦૧૫ના રોજ એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરીની મુલાકાત લીધી હતી. આ ડેલિગેશનમાં આસી. ડાયરેક્ટર (ડેરી ફાર્મિંગ ઓર્ગેનાઈઝેશન ઓફ થાઈલેન્ડ), ચેરમેન અને ડેપ્યુટી ચેરમેન (મ્યાનમાર ડેરી એસોસિયેશન), ડેપ્યુટી ડાયરેક્ટર (લાઈવ સ્ટોક બ્રીડીંગ એન્ડ વેટરીનરી ડિપાર્ટમેન્ટ, મ્યાનમાર અને બાંગ્લાદેશ, નેશનલ કન્સલ્ટન્ટ, રીજીયોનલ પ્રોજેક્ટ કોઓર્ડીનેટર થાઈલેન્ડ, ડીજીએમ મિલ્ક વિટા, બાંગ્લાદેશ, ડાયરેક્ટર જનરલ (લાઈવ સ્ટોક સર્વિસ, બાંગ્લાદેશ, ચેરમેન (બાંગ્લાદેશ મિલ્ક પ્રોડ્યુસર કોઓપરેટીવ યુનિયન) તથા એનડીડીબીના ઉચ્ચ અધિકારીઓ વગેરે નામાંકિત હોદ્દેદારોનો સમાવેશ થાય છે.

# રતનપુર પાસે કાર ડીવાઈડર પર ચઢી જતા અકસ્માતમાં બે ના મોત : ત્રણને ઈજાઓ

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા રતનપુર નજીક અમદાવાદના યુવાન મિત્રોની કારની ચાલકે પૂરઝડપે કાર હંકારી ગફલતભરી રીતે ડિવાઈડર પર ચઢાવી દેતાં કારમાં સવાર ૫ યુવાનો પૈકી ૨ યુવાનોના ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ, જ્યારે ત્રણ ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અમદાવાદ શહેરના યુવાનમિત્રો અમદાવાદથી ફરવા માટે ઉદેપુર ગયા હતા, જ્યાંથી ગઈકાલે બપોરના સમયે ઉદેપુરથી અમદાવાદ પરત કરી રહ્યા હતા ત્યારે શામળાજીથી ૧૨ કિ.મી. રાજસ્થાન રાજ્યની સરહદમાં આવેલા લહેરાઘાંટી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કારચાલકે (ગાડી નં. જીજે૧આરઆઈ ૯૪૦૮)ના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેમાં કારમાં મુસાફરી કરી રહેલા બે યુવાનો રાજેન્દ્ર રાણા પ્રતાપ રાજપુત ઉં.વ. ૩૬ વર્ષ (નરોડા અમદાવાદ) અને નરેશભાઈ પોકારામ ડાંગી ઉં.વ. ૩૦ વર્ષ (ઉદેપુર રાજસ્થાન)ને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. કારમાં સવાર અન્ય ત્રણ યુવાનો નિલેષ સુભાષભાઈ ભાવસાર, હર્ષદભાઈ પટેલ અને દેવાંગ પટેલ ત્રણેય (રહે. અમદાવાદ)ને શરીરે ઈજાઓ પહોંચી હતી. નેશનલ હાઈવે નં. ૮ પર થયેલા અકસ્માતના પગલે અહીથી પસાર થઈ રહેલા વાહનચાલકોએ ત્રણેય ઘાયલ યુવાનોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા.



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

## પાલનપુરમાં ભારત વિકાસ પરિષદનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ભારતીય સંસ્કૃતિના મુલ્યોનું જતન કરી વ્યકિત નિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં સંસ્કારોનું સિંચન કરવાના અનેકવિધ કાર્યક્રમો કરતી સંસ્થા ભારત વિકાસ પરિષદ પાલનપુર શાખાનો ૧૬મો વાર્ષિકોત્સવ અને પદવીદાન સમારોહ પાલનપુર ખાતે યોજાયો હતો.

ભારત વિકાસ પરિષદ ગુજરાત પ્રાંત અને ઉત્તર ગુજરાત પ્રાંતના પદાધિકારીઓની અને પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ તથા ઉદ્યોગપતિ દીલાસુખભાઈ અગ્રવાલની ઉપસ્થિતિમાં યોજેલા આ કાર્યક્રમમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલી સેવાકીય પ્રવૃત્તિની માહિતી આપવામાં આવી હતી ત્યારબાદ પાલનપુર શાખાના ટ્રસ્ટી અમિતભાઈ અખાણીએ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ની નવીન કારોબારીની જાહેરાત કરી હતી. નવીન કારોબારીમાં પ્રમુખ તરીકે દીપકભાઈ અખાણી અને મંત્રી તરીકે ગિરધારીલાલ ગેહાનીની વરણી કરવામાં આવી હતી અને નવીન કારબારીએ શપથ ગ્રહણ કર્યા હતા.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

છેલ્લા થોડાક મહિનાથી ભાજપ ધ્વારા ઓનલાઈન સદસ્યતા અભિયાનની શરૂઆત કરી હતી. મીસ કોલ મારો અને સભ્ય બનો યોજના લાવવામાં આવી હતી. જે અર્તગત ભાજપા એ ટુંક જ સમયમાં મોટાપાયે સભ્યોની નોધણી કરી અને સમગ્ર વીશ્વમાં ચીનની સામ્યવાદી પાર્ટીને પાછળ ધકેલીને ભાજપા વીશ્વમાં પ્રથમ નંબરની વધારે સભ્યો ધરાવતી પાર્ટ બની ગઈ હતી. જમાં સમગ્ર વીશ્વમાં ૮ કરોડ ૮૧ લાખ સભ્યો નોધાયા હતા અને ગુજરાતમાં ૧ કરોડથી વધારે સભ્યો નોધાય હતા. જયારે અરવલ્લી જીલ્લામાં ૧ લાખ પચાસ હજારથી વધુ સભ્યો નોધાયા હતા. જે અંગે આજે ભાજપા કાર્યાલય મોડાસા ખાતે અરવલ્લી જીલ્લા પ્રમુખ ભરતસિંહ રહેવરની હાજરીમાં ફટાકડા ફોડીને આનંદની લાગણી વ્યકત કરી હતી.

# પ્રાંતિજમાં જ્ઞાન યોગ એજ્યુકેશન વેલફેર ટ્રસ્ટ દ્વારા ક્રિકેટમેચ યોજાઈ

## ડોક્ટરો, વકીલો, પત્રકારો, વેપારીઓ, બેંકરો વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જ્ઞાન યોગ એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ આયોજિત ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. પ્રાંતિજ ખાતે આવેલ શેઠ પીએન્ડઆર હાઈસ્કૂલના મેદાનમાં તા. ૨૮-૩-૧૫ને શનિવારના રોજ ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉક્ટરો, વકીલો, પત્રકારો, વેપારીઓ, નગરપાલિકાના કોર્પોરેટરો તથા પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ બેંકોના બેંકરો વચ્ચે મેચ યોજાઈ હતી.

જેમાં પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ બેંકોની એક ટીમ બનાવવામાં આવી હતી અને બીજી પ્રાંતિજ ઈલેવન ટીમ બનાવવામાં આવી હતી. પ્રથમ બન્ને ટીમો દ્વારા રાષ્ટ્રીય ગીત ગવાયું હતું. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે ટોસ ઉછાળવામાં આવ્યો હતો. પ્રાંતિજ ઈલેવન ટીમ ટોસ જીતી પહેલાં બેટિંગ કરી હતી. જેમાં ૧૬ ઓવરમાં ૧૦૪ રન બનાવ્યા હતા. જ્યારે બીજા દાવમાં આવેલ બેંકર ટીમ દ્વારા ૧૬મી ઓવરના ત્રીજા બોલેજ ૧૦૫ રન કરી દેતા પ્રાંતિજ ઈલેવન ટીમનો પરાજય થયો હતો. વિજેતા ટીમને ભાજપના શહેર પ્રમુખ સતિષભાઈ પંડ્યા દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી તથા સીટી ન્યૂજ પત્રકાર રતિભાઈ દ્વારા રનર્સઅપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જો કે બન્ને ટીમ ખેલદિલીથી રમતી જોવા મળી હતી. જ્યારે ખેલાડીઓએ પણ વરસો પછી બેટ હાથમાં પકડતા આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પ્રાંતિજ વેપારી એસોસીએશનના પ્રમુખ દિલિપભાઈ કોઠારી, વિજયભાઈ પટેલ, ગ્રાહકસુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ, જીતુભાઈ રાવલ, વિવિધ બેંકોના મેનેજરો તથા નગરપાલિકા કોર્પોરેટરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર મેચની કોમેન્ટ્રી જયેશભાઈ દરજી દ્વારા આપવામાં આવી હતી.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



## બાયડના પ્રગતિશીલ ખેડૂત શંકરભાઈને કૃષિરત્ન એવોર્ડ એનાયત

ગુજરાત પાટીદાર પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ (ગુજરાત) આયોજીત પાટીદાર એકાત્મક પર્વ/લવકુશ મહાસંમેલન ભાગવત વિદ્યાપીઠ-અમદાવાદ ખાતે યોજાયું હતું. જેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાન પ.પૂ. જગદ્ગુરૂ નાનકદાસજી મહારાજના વરદ હસ્તે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ભુડાસણ ગામના વતની શંકરભાઈ નાથાભાઈ પટેલે પોતાની મહેનત અને આગવી કોઠા સુઝથી કૃષિ ક્ષેત્રે વિશિટ કાર્ય કરવા બદલ તેમજ ઓર્ગેનિક ખેતીમાં ખેડૂતોને પ્રેરણારૂપ દૃષ્ટાંત પુરૂ પાડનાર (રાષ્ટ્રીય એવોર્ડ) વિજેતાને 'કૃષિરત્ન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અને મોમેન્ટો તેમજ શાલથી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧